પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*****************************************************

1. ગુજરાતના વલસાડમાં RPFના 40માં સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, દિવાળીના તહેવાર માટે 12 હજાર વિશેષ ટ્રેન દોડાવાશે
2. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કથિત IRCTC કૌભાંડ કેસમાં રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ લાલુ પ્રસાદ, તેમના પત્ની રાબડી દેવી, પુત્ર તેજસ્વી યાદવ અને અન્ય લોકો સામે ફોજદારી આરોપો ઘડ્યા
3. ચૂંટણી પંચે આજે બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું, 7 રાજ્યોની 8 વિધાનસભાની પેટાચૂંટણીનું જાહેરનામું
4. સર્વોચ્ચ અદાલતે તમિલનાડુના કરુરમાં થયેલી ભાગદોડની CBI તપાસનો આદેશ આપ્યો
5. યુદ્ધવિરામની સમજૂતીના ભાગરૂપે હમાસે ઇઝરાયલના સાત બંધકોને મુક્ત કર્યા

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

**ASHWINI VAISHANAV RPF FOUNDATION CELEBRATION**

રેલવે આગામી દિવાળીના તહેવારોને અનુલક્ષીને બાર હજાર સ્પેશ્યલ ટ્રેન દોડાવશે તેમ કેન્દ્રીય રેવલે અને માહિતી પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું. સૌ પ્રથમ

વખત વલસાડમાં રેલવે પોલીસ દળના 40માં સ્થાપના દિવસની કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવની અધ્યક્ષતામાં ઉજવણી કરવામા આવી હતી

<u>બાઇટ- અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય મંત્રી- દિવાળી</u>

રેલવે સુરક્ષા દળને વધુ સક્ષમ બનાવવા માટે સ્ટાફ સિલેક્શન દ્વારા દર વર્ષે ઇન્સ્પેક્ટર અને સબ ઇન્સ્પેક્ટરની ભરતી કરવાની પણ તેમણે જાહેરાત કરી હતી.

<u>બાઇટ- અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય મંત્રી – **RPF** ભરતી</u>

રેલવેને કામગીરીને બિરદાવતા તેમણે કહ્યું હતુંકે આજે રેલવેનું આધુનિકીકરણ થઇ રહ્યું છે. જેને કારણે મુસાફરોને સુવિધાપૂર્ણ મુસાફરીનો લાભ મળી રહ્યો છે.. તેમણે કહ્યું કે, દેશભરના રેલવે સ્ટેશનોનું પુનઃનિર્માણ પુરજોશમાં ચાલી રહ્યું છે.

<u>બાઇટ- અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય મંત્રી - રેલ ડેવલપમેન્ટ</u>

રેલવે સુરક્ષા દળની કામગીરીને બિરદાવતા તેમણે કહ્યું હતું કે ટ્રેનની સલામત મુસાફરીને કારણે આજે ગરીબ અને મધ્યમવર્ગને ફાયદો થઇ રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**DAY LALU**

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે કથિત **IRCTC** કૌભાંડ કેસમાં રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ લાલુ પ્રસાદ, તેમની પત્ની રાબડી દેવી, પુત્ર તેજસ્વી યાદવ અને અન્ય લોકો સામે વિવિધ ફોજદારી આરોપો ઘડ્યા છે. ભ્રષ્ટાચાર વિરોધી અદાલતના ખાસ ન્યાયાધીશ વિશાલ ગોગનેએ આ આદેશ આપ્યો છે.

અદાલતે ત્રણેય સામે ભ્રષ્ટાચાર, ગુનાહિત કાવતરું અને છેતરપિંડીના આરોપો ઘડ્યા છે. તમામ આરોપીઓએ દોષિત ન હોવાનું કબૂલ્યું હોવાથી કેસ ટ્રાયલ પર આગળ વધશે.

CBI એ આરોપ લગાવ્યો હતો કે, લાલુ યાદવ અને તેમના પરિવારે 2004થી 2009 દરમિયાન રેલ્વે મંત્રી તરીકે તેમના કાર્યકાળ દરમિયાન એક ખાનગી કંપનીને કોન્ટ્રાક્ટ આપવા માટે લાંચ તરીકે મુખ્ય જમીન સ્વીકારી હતી. રાંચી અને પુરીમાં બે IRCTC હોટલ કથિત રીતે ચાલાકીથી ટેન્ડર પ્રક્રિયા દ્વારા સુજાતા હોટેલ્સ નામની કંપનીને લીઝ પર આપવામાં આવી હતી. બદલામાં, કરોડોની કિંમતની જમીન લાલુનાં પત્ની રાબડી દેવી અને પુત્ર તેજસ્વી યાદવ સાથે સંકળાયેલી કંપનીને તેના બજાર મૂલ્યથી  ખૂબ ઓછી કિંમતે આપવામાં આવી હતી.

દરમિયાન યાદવ પરિવારે તપાસ પર સવાલ ઉઠાવ્યા છે અને કહ્યું કે,તેમની સામે કોઈ પુરાવા નથી. આ કેસ રાજકીય રીતે પ્રેરિત હોવાનું તેઓનું માનવું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**BIHAR NOTIFICATION**

ચૂંટણી પંચે આજે બિહાર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે જાહેરનામું બહાર પાડ્યું છે.

આ સાથે, 20 જિલ્લાઓમાં 122 બેઠકો માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. 20 ઓક્ટોબર સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. 21 ઓક્ટોબરે તેની ચકાસણી કરવામાં આવશે. 23 ઓક્ટોબર સુધી ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકાશે. આ તબક્કા માટે મતદાન 11 નવેમ્બરે થશે.. ચૂંટણી પંચે ઉમેદવારી કેન્દ્રો પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે.

243 સભ્યોની બિહાર વિધાનસભાના બંને તબક્કા માટે મતગણતરી 14 નવેમ્બરે થશે. 7 કરોડ 82 લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. બીજા તબક્કામાં પશ્ચિમ અને પૂર્વ ચંપારણ, સીતામઢી, શિવહર, મધુબની, સુપૌલ, અરરિયા, કિશનગંજ, પૂર્ણિયા અને

કટિહાર જિલ્લામાં મતદાન થશે. આ સિવાય ભાગલપુર, બાંકા, જમુઈ, નવાદા, ગયા, ઔરંગાબાદ, જહાનાબાદ, અરવાલ, કૈમુર અને રોહતાસ જિલ્લામાં પણ મતદાન થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**EC - BY ELECTION**

ચૂંટણી પંચે સાત રાજ્યોની આઠ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડ્યું છે.

આ વિધાનસભા મતવિસ્તાર જમ્મુ કાશ્મીરમાં બડગામ અને નાગરોટા, રાજસ્થાનમાં અંતા, ઝારખંડમાં ઘાટસિલા, તેલંગાણામાં જ્યુબિલી હિલ્સ, પંજાબમાં તરનતારન, મિઝોરમમાં ડંપા અને ઓડિશામાં નુઆપાડા છે.

જમ્મુ અને કાશ્મીર અને ઓડિશા માટે ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ 20 ઓક્ટોબર છે અને ઝારખંડ, મિઝોરમ, પંજાબ, તેલંગાણા અને રાજસ્થાન માટે 21 ઓક્ટોબર છે. આ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી 11 નવેમ્બરે યોજાશે અને મતગણતરી 14 નવેમ્બરે થશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**BIHAR ELECTION CANDIDATES**

બિહાર વિધાનસભાની ચૂટણીના પ્રથમ તબક્કા માટેના ઉમેદવારોના નામ આજે સાંજ સુધીમાં જાહેર કરવામાં આવશે.

પટણામાં પત્રકારો સાથે વાત કરતાં ભાજપ બિહાર પ્રમુખ ડૉ. દિલીપ જયસ્વાલે આમ જણાવ્યું હતું. JD(U) સહિત NDAના અન્ય સાથી પક્ષો પણ આજે તેમના ઉમેદવારોના નામ જાહેર કરે તેવી શક્યતા છે. આ સાથે જન સૂરજ પાર્ટી પણ આજે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરે તેવી શક્યતા છે. પક્ષે 51 ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી દીધી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

**SC-KARUR**

સર્વોચ્ચ અદાલતે તમિલનાડુના કરુરમાં થયેલી ભાગદોડની CBI તપાસનો આદેશ આપ્યો છે. કરુરમાં ગત મહિને તમિલગા વેત્રી કઝગમ, TVKની રાજકીય રેલી દરમિયાન લગભગ 41 લોકોના મોત થયા હતા. તમિલ અભિનેતા વિજયની આગેવાની હેઠળની પાર્ટીએ આ ઘટનાની તપાસ માટે મદ્રાસ વડી અદાલતની ખાસ તપાસ ટીમના નિર્દેશને પડકારતી અરજી સર્વોચ્ચ અદાલતમા કરી હતી.

ન્યાયાધીશ જે.કે.મહેશ્વરી અને એન.વી.અંજારિયાની સર્વોચ્ચ અદાલતની પીઠે તપાસનું નિરીક્ષણ કરવા માટે સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ અજય રસ્તોગીની આગેવાની હેઠળ ત્રણ સભ્યોની સમિતિ બનાવવાનો આદેશ આપ્યો છે.

અદાલતે એવો પણ આદેશ આપ્યો કે, ભારતીય પોલીસ સેવાના બે અધિકારીઓ, જે તમિલનાડુ કેડરના હોઈ શકે પરંતુ રાજ્યના વતની ન હોય તેઓ પણ પેનલનો ભાગ હશે.

પોલીસ મહાનિરીક્ષક **(IGP)** ના હોદ્દાથી નીચેના ન હોય તેવા અધિકારીઓની પસંદગી જસ્ટિસ રસ્તોગી દ્વારા કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**GOYAL - PM GATI SHAKTI**

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે પીએમ ગતિ શક્તિ - રાષ્ટ્રીય માસ્ટર પ્લાને સમગ્ર સરકારી અભિગમ દ્વારા ભારતના માળખાગત આયોજનમાં પરિવર્તન કર્યું છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ગોયલે ચાર વર્ષ પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી આ પહેલને માળખાગત ક્ષેત્રમાં ગેમ-ચેન્જર ગણાવી હતી. તેમણે કહ્યું કે, આ પહેલ મંત્રાલયો, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો સહિત અનેક ક્ષેત્રોને એક ડિજિટલ પ્લેટફોર્મ પર એકીકૃત કરીને પ્રોજેક્ટ અમલીકરણમાં ગતિ અને ટકાઉપણું લાવી છે.

તેમણે કહ્યું કે, સીમલેસ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સ કાર્યક્ષમતાને આગળ ધપાવતા, પીએમ ગતિ શક્તિ વિકાસ ભારત તરફની દેશની યાત્રામાં એક પાયાનો પથ્થર બનીને ઉભું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PRADHAN-VIKSHIT BHARAT BUILDATHON

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, ભારત ઉત્પાદન-સંચાલિત અર્થતંત્રના માર્ગે જ વિકસિત રાષ્ટ્ર બની શકે છે. વિકસિત ભારત બિલ્ડાથોન **2025**નું ઉદ્ઘાટન કરતા શ્રી પ્રધાને જણાવ્યું હતું કે **21**મી સદી જ્ઞાન-આધારિત સદી છે, અને દેશ આ જ્ઞાન-સંચાલિત વિશ્વ અને અર્થતંત્રનું નેતૃત્વ કરશે.

તેમણે જણાવ્યુ કે વિકસિત રાષ્ટ્ર બનવા માટે ભારતને સ્પષ્ટ દ્રષ્ટિ, અદ્યતન ટેકનોલોજી અને **IT**-સંચાલિત ઉકેલોની જરૂર છે અને વિદ્યાર્થીઓ આવનારા વર્ષોમાં આ ઉકેલો મેળવશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે બિલ્ડાથોનમાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. બિલ્ડાથોનમાં **3** લાખથી વધુ શાળાઓના **25** લાખથી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ વર્ચ્યુઅલી ભાગ લીધો હતો.

શિક્ષણ મંત્રાલય દ્વારા, અટલ ઇનોવેશન મિશન અને નીતિ આયોગના સહયોગથી આયોજિત, રાષ્ટ્રવ્યાપી પહેલ શાળાઓ અને શિક્ષકોને ધોરણ **6**થી **12** ના વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મકતા અને સમસ્યાનું નિરાકરણ કૌશલ્ય વિકસાવવા માટે સશક્ત બનાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ISRAEL HOSTAGES-EARLY

હમાસે આજે ઇઝરાયલના સાત બંધકોને મુક્ત કર્યા છે. ઇઝરાયલ-હમાસ યુદ્ધમાં યુદ્ધવિરામ યોજનાના ભાગરૂપે હમાસે સાત બંધકોને રેડ ક્રોસને સોપ્યાં છે.

હમાસે કહ્યું કે, ઇઝરાયલ દ્વારા રખાયેલા એક હજાર 900થી વધુ પેલેસ્ટિનિયન કેદીઓ માટે 20 જીવિત બંધકોને સોંપ્યા છે. રેડ ક્રોસ આ બંધકોને ઇઝરાયલી સૈન્યને સોંપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**DAY. TEST CRICKET**

દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ રહેલી ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની બીજી ટેસ્ટ મેચના ચોથા દિવસે વેસ્ટ ઈન્ડિઝે સરસાઈ મેળવી છે. હાલમાં મળતા અહેવાલ મુજબ, વેસ્ટ ઇન્ડિઝે 6 વિકેટે 298 રન કર્યા છે. વેસ્ટ ઈન્ડિઝે પોતાનો બીજો દાવ 2 વિકેટે 173 રનના સ્કોરથી ફરી શરૂ કર્યો. પહેલા દાવમાં, રોસ્ટન ચેઝની આગેવાની હેઠળની ટીમ ભારતના 518 રનના જવાબમાં માત્ર 248 રનમાં ઓલઆઉટ થઈ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**DURGAPUR**

પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં મેડિકલની વિદ્યાર્થિની પર થયેલા દુષ્કર્મ કેસમાં પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે.

સદ્દામ નામના આરોપીને આજે કોર્ટમાં રજૂ કરાશે. ગઈકાલે દુર્ગાપુરની એક કોર્ટે આ કેસમાં ધરપકડ કરાયેલા ત્રણેય આરોપીઓને 10 દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા હતા.

દુર્ગાપુરની એક ખાનગી મેડિકલ કોલેજની એમબીબીએસની બીજા વર્ષની વિદ્યાર્થિની 10 ઓક્ટોબરની રાત્રે તેના મિત્ર સાથે ડિનર કરવા ગઈ હતી ત્યારે તેના પર કોલેજ કેમ્પસ નજીક કથિત રીતે સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું..

. . . . . . . . . . . . . . . . . . . . . . . .